ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0



ઉલ્લાસપૂર્વક પ્રારંભ - ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત એકાર્થ-જીસીએફ કપ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો શહેરના મેયર હિતેશભાઈ મકવાણા અને ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલની ઉપસ્થિતિમાં ખેલાડીઓ અને ક્રિકેટ પ્રેમીઓએ રંગબેરંગી ફુગ્ગા ઉડાડી ઉલ્લાસપૂર્વક પ્રારંભ કર્યો હતો... પ્રથમ શુભારંભની મેચમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમ સામે શહેરના ડૉક્ટર્સ ક્રિકેટ ક્લબનો વિજય થયો હતો... ભારે રોમાંચક માહોલમાં પ્રથમ મેચથી જ ઉત્સાહ છલકાતો હતો... જ્યારે બીજી મેચ કષ્ટભંજન-૧૧ અને રામ-૧૧ વચ્ચે રસાકસીભર્યો જંગ ખેલાયો હતો...

# મેના પ્રથમ સપ્તાહમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહનું મેના છેલ્લા સપ્તાહમાં પરિણામ

ગાંધીનગર, તા.૨૧

તાજેતરમાં જ ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની પરીક્ષાઓ લેવાઈ હતી, જેના પરિણામોને લઈને શિક્ષણ બોર્ડે તૈયારી આરંભી દીધી છે. બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના વિધાર્થીઓના પરિણામ જાહેર કરવા માટેની કામગીરી પુરજોશમાં શરૂ કરી દીધી છે.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ પહેલા જાહેર કરવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે. જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ મે મહિનાના પ્રથમ અથવા બીજા સપ્તાહમાં જાહેર થઈ શકે છે. તેમજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ મે મહિનાના અતિમ તબક્કામાં જાહેર થવાની અને ધોરણ ૧૦નું પરિણામ જૂન માસના પ્રથમ સપ્તાહ બાદ જાહેર થાય તેવી પ્રબળ શક્યતાઓ છે.

ઉલ્લેખનિય છે કે, રાજ્યમાં ૧૪મી માર્ચથી ગુજરાતમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો હતો.

## રાજ્યમાં ધોરણ-૧૦-૧૨ના પરિણામ જાહેર કરવાની તૈયારી શરૂ : ધોરણ ૧૦નું પરિણામ જૂન માસના પ્રથમ સપ્તાહ બાદ જાહેર થઈ શકે : ૧૪મી માર્ચથી ગુજરાતમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની પરીક્ષા થઈ હતી

ધોરણ-૧૦ની પરીક્ષા ૨૮મી માર્ચ સુધી યોજાઈ હતી જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૨૯મી માર્ચ સુધી તેમજ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૨૫ માર્ચ સુધી યોજાઈ હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૨૭/૦૩/૨૦૨૩ના રોજ માર્ચની પરીક્ષામાં ધોરણ-૧૦ (જીજીઝ)ના પ્રથમ સેશનમાં ગુજરાતી-દ્વિતીય ભાષા વિષયમાં કુલ-૧૧૮૬૯૬ પરીક્ષાર્થીઓ પૈકી કુલ-૧૧૭૫૧૨ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતાં તથા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ચિત્રકામ સૈદ્ધાંતિક, ચિત્રકામ પ્રાયોગિક, હેલ્થકેર, રીટેઈલ, બ્યુટી એન્ડ વેલનેશ, એગ્રિકલ્ચર, અપેરલ એન્ડ મેડએપ હોમ ફર્નિશિંગ, ઓટોમોટિવ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ હાર્ડવેર, ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી વિષયોની પરીક્ષા લેવામાં આવી હતી, જેમાં કુલ-૧૪૮૯૯ પરીક્ષાર્થીઓ પૈકી કુલ-૧૪૫૫૬ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતાં. બીજા સેશનમાં સામાન્ય પ્રવાહના કોમ્પ્યુટર અને વ્યવસાયલક્ષી પ્રવાહમાં જીવ વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને વાણિજ્ય સંચાલન, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર વિષયોની પરીક્ષામાં કુલ ૧૧૦૧૦૯ પરીક્ષાર્થીઓ પૈકી કુલ ૧૦૮૯૩૪ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતાં.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના કોમ્પ્યુટર વિષયનું પ્રશ્નપત્ર તા.૨૭ માર્ચના રોજ બપોરના ૩ કલાકથી શરૂ થયું હતું. આ પ્રશ્નપત્ર સોશિયલ મીડિયા ફરતું થયાની જાણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને બપોરે ૪.૪૫ કલાકે થઈ હતી. તમામ વિદ્યાર્થીઓ પરીક્ષાખંડમાં પરીક્ષા માટે બપોરના બપોરે ૨:૩૦ કલાકે બેસી જાય છે અને બપોરે ૩ કલાકે પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓને આપી દેવાયું હતું. પેપર શરૂ થઈ ગયા બાદ સોશીયલ મીડિયામાં આવેલ હોવાથી પેપર ફૂટ્યુ કે લીક થયું ન હોવાનો શિક્ષણ બોર્ડે જણાવ્યું હતું.


# આગામી સપ્તાહમાં ફરી એકવાર વાતાવરણમાં પલટો આવશે

## ૨૭ એપ્રિલથી બે મે દરમિયાન ગાંધીનગર અમદાવાદમાં પણ માવઠું થશે

ગાંધીનગર, તા. ૨૧

છેલ્લા બે મહિનાથી વાતાવરણ પલટાની સતત અસર જોવા મળી રહી છે આખરી ગરબીના દિવસોમાં પણ વારંવાર વરસાદીમાં હોલ જોવા મળે છે ત્યારે આગામી તારીખ ૨૭ એપ્રિલ થી બે મે દરમિયાન પણ વાતાવરણમાં પલટો જોવા મળશે આકરી ગરમીના દિવસોમાં હજુ પણ માવઠું થશે ગાંધીનગર અમદાવાદ માં પણ વરસાદી વાતાવરણ ના લીધે ભરૂ ઉનાળે અષાઢી માહોલ જોવા મળશે

જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલ ના જણાવ્યા મુજબ એપ્રિલ અને મે મહિનામાં પ્રિમોન્સૂન એક્ટિવિટી ના લીધે વાતાવરણમાં પલટો જોવા મળશે રાજ્યના ભાગોમાં પશ્ચિમી વિક્ષેપ ની અસર જોવા મળશે પરબ સાગર અને બંગાળી ઉપસાગરમાં આવતા ભેજના લીધે આગામી તારીખ ૨૭ એપ્રિલથી બે મે સુધી ત્રિ મોનસુન એક્ટિવિટી ગતિમાં આવશે જેના લીધે ગાંધીનગર અમદાવાદ હવામાન પલટો જોવા મળશે આંધી વંટોળ અને ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે ઉત્તર ગુજરાત મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્ર સહિત સૌરાષ્ટ્રના ભાગોમાં હવે ત્રિમાસુન એક્ટિવિટી શરૂ થશે દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હું પણ માવઠાની અસર જોવા મળશે આ સ્થિતિ વચ્ચે બાગાયત પાકોને પણ નુકસાન થશે દિલ્હી



પંજાબ હરિયાણા રાજસ્થાન ના ભાગોમાં પણ વરસાદ થશે અફઘાનિસ્તાન બાજુથી કાળી આંધી આવવાની સંભાવના છે આગામી તારીખ ૨૭ એપ્રિલથી તારીખ ૨ મેં દરમિયાન માવઠું પડશે જેના લીધે ગાંધીનગર અમદાવાદમાં પણ ભીંજારાનો નો માહોલ જોવા મળશે.

# ગ્રામીણ વિસ્તારમાં પાણી-વીજપુરવઠોની ફરિયાદો ઉકેલવામાં સત્તાધીશો નિષ્ફળ

## રાયસણમાં વોલ્ટેજની વધ-ઘટને કારણે ચાર ઉપકરણોને નુકશાન થયુ છે : બેચરજી ઠાકોર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં વીજ પુરવઠાની અનિયમિતતાને કારણે આજે રાયસણમાં ટી.વી., બે ફ્રીઝ બળી જવાની ઘટના નોંધાઈ છે.

ગ્રામ્ય વિસ્તારમાં વીજપુરવઠો સતત અને સાતત્યપૂર્ણ રીતે મળતો નથી. વીજપુરવઠાના વોલ્ટેજમાં પણ સતત વધ-ઘટ થતી હોવાથી ગ્રાહકોને વારંવાર હાલાકી પડી રહી છે.

કુડાસણ બેઠકના પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય બેચરજી ઠાકોરે જણાવ્યુ હતુ કે રાયસણ ગામમાં વીજ પ્રવાહને લઈ આજે સવારથી વીજ કંપનીને ફરિયાદ આપવામાં આવી હતી. યુજીવીસીએલના કર્મચારીઓ ગામમાં આવ્યા અને થોડીક જ વાર બે-ત્રણ સ્થાનોએ તપાસ કરી મરામત કરી આ કર્મચારીઓ પાછા ગયા હતા. પરંતુ બપોરે અને સાંજે પુનઃ વારંવાર વોલ્ટેજમાં વધ-ઘટ તેમજ લાઈટો ડુલ થઈ જવાનું પુનઃ ચાલુ થયુ હતુ.

તેમણે જણાવ્યુ કે યુજીવીસીએલના અધિકારીઓનો સંપર્ક કરતાં સવારે બધી પુનઃ તપાસ કરી યોગ્ય કરવામાં આવશે તેમ જણાવ્યુ છે.

આજે વોલ્ટેજમાં વધ-ઘટને કારણે બે ટી.વી. અને બે ફ્રીજ બળી જવાની ઘટના બની છે. ગ્રામ્ય વિસ્તારમાં શહેર જેવી સુવિધા આપવાની મોટી મોટી વાતો કરી ગ્રામ્ય વિસ્તારની જનતાને છેતરવામાં આવી હોવાનો આક્ષેપ ઠાકોરે કર્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે ટોરેન્ટનો પાવર ગ્રામ્ય વિસ્તારમાં આપવો જોઈએ. આટલી ગરમીમાં સતત અને સાતત્યપૂર્ણ વીજપુરવઠો કે પાણી પુરવઠો આપવામાં મનપાના સત્તાધીશો નિષ્ફળ રહ્યા છે. તેમણે આજે જે રહીશોને નુકશાન થયુ છે તેની ભરપાઈ કોણ કરશે તેવો પ્રશ્ન પણ પુછ્યો હતો.

# જિલ્લામાં ૨૦૯ જેટલા ખેડૂતોએ ચણા અને રાયડાનું વેચાણ ટેકાના ભાવે કર્યુ

ગાંધીનગર, તા. ૨૧

જિલ્લામાં ખેડૂતો દ્વારા ૧.૩૭ કરોડની કિંમતના ચણા અને રૂ. ૮.૨૫ લાખના રાયડાનું ટેકાના ભાવે વેચાણ કરવામાં આવ્યુ છે. જિલ્લામાં ઘઉંના વેચાણ માટે હજુ ખેડૂતોએ રસ દાખવ્યો નથી.

રાજ્ય સરકારે ઘઉં, ચણા, રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરી હતી અને ખેડૂતોએ આ અંગે રજીસ્ટ્રેશન પણ કરાવ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે ચણા, રાયડા અને તુવેરનું ટેકાના ભાવે વેચાણ કરવા ૨૩૬ જેટલા ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ. જિલ્લામાં ૧૯૯ જેટલા ખેડૂતોએ ચણાનું ૨૫૬૦ ક્વિન્ટલથી વધુનુ ટેકાના ભાવે વેચાણ કરેલ છે. ચણાનો ટેકાનો ભાવ સરકારે ૫૩૩૫ રૂ. નિયત કર્યો હતો. આમ તેની કિંમત રૂ. ૧૩૭ કરોડ જેટલી થવા જાય છે.

રાયડાનો ટેકાનો ભાવ રૂ. ૫૪૫૦નો નિયત કરવામાં આવ્યો હતો. જિલ્લામાં રાયડાના વેચાણ માટે ૧૦ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ અને તંત્રએ આ ખેડૂતો પાસેથી ૧૫૧.૫ ક્વિન્ટલ રાયડાની ખરીદી ટેકાના ભાવે કરી છે જેની કિંમત રૂ. ૮.૨૫ લાખ જેટલી થવા જાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૧૧નાં રામકથા મેદાનમા અદ્યતન કોર્ટ બિલ્ડિંગનું નિર્માણ થશે

## કોર્ટ બિલ્ડિંગનું કામ હવે શરૂ થશે રેકર્ડ માટે અલાયદો માળ આખી કોર્ટ વાતાનુકુલિત રહેશે : બઝમેન્ટમાં વાહન પાર્કીંગ ની સુવિધા ઉભી કરાશે

ગાંધીનગરમાં સેક્ટર ૧૧ ખાતે અદ્યતન કોર્ટ બિલ્ડીંગ બાંધવાનું હવે કામ શરૂ કરાશે કોર્ટ બિલ્ડિંગની યોજનાને અનુલક્ષી ટેન્ડર પ્રકીયા પૂર્ણ કરી દેવામાં આવી છે મોડેલ કોર્ટ મા વાતાનુકૂલિત ૨૮ કોર્ટ રૂમ સાથે રેકર્ડ માટે અલાયદો માળ બનાવશે જયારે વાહનોનો બહાર ખડકલો ના થાય તે માટે બઝમેન્ટ પાર્કીંગ પણ બનાવામાં આવશે . આ યોજનાને અનુલક્ષી અંદાજિત ૧૦૦ કરોડનો ખર્ચ કરાશે ૧ સેક્ટર ૧૧માં રામકથા મેદાનમાં ૪૧,૦૩૭ ચોરસ મીટર જેવી વિશાળ જગ્યા પણ ફાળવવામાં આવી છે

ગાંધીનગરમાં જિલ્લા ન્યાયાલય નું બિલ્ડીંગ હાલ સેક્ટર ૧૧મા જ છે જો કે બિલ્ડીંગ નાનું હોવાની સાથે પર્યાપ્ત સુવિધાઓનો પણ અભાવ છે જેને અનુલક્ષીને ન્યાય વર્તુળ દ્વારા પણ સમયાંતરે આ સ્થિતિનું નિવારણ લાવવા માટેની રજૂઆતો સરકાર સમક્ષ કરવામાં આવી હતી હાલની કોર્ટ બિલ્ડીંગ પાસે પાર્કિંગની સમસ્યા પણ શિરદર્દ સમાન બની છે વકીલો મુલાકાતીઓ ઉપરાંત . ન્યાયાધિશોના પણ વાહન પાર્ક કરવા માટે પર્યાપ્ત જગ્યા ઉપલબ્ધ નથી. જેના લીધે કોર્ટ બિલ્ડીંગની બહાર વાહનોનો આડેધડ ખડકલો થાય છે . કોર્ટ બિલ્ડીંગની આજુ

● અનુસંધાન પાન-૭ પર

## કોર્ટ બિલ્ડિંગના નિર્માણ માટે આવતીકાલે ભૂમિપૂજન

ગાંધીનગરમાં સેક્ટર ૧૧ ખાતે અદ્યતન કોર્ટ બિલ્ડીંગ બાંધવાનું કામ હવે શરૂ થશે.મુખ્યમંત્રી અને સુપ્રિમ કોર્ટના જસ્ટિસ સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં તારીખ ૨૩મીએ ભૂમિપૂજન કરાશે. આ મોડેલ કોર્ટમાં વાતાનુકૂલિત ૨૮ કોર્ટ રૂમ, રેકર્ડ માટે અલાયદો માળ અને બેઝમેન્ટ પાર્કીંગ પણ બનાવામાં આવશે. જેના પાછળ અંદાજિત ૧૦૦ કરોડનો ખર્ચ થશે. સેક્ટર ૧૧માં તેના માટે ૪૧,૦૩૭ ચોરસ મીટર જેવી વિશાળ જગ્યા ફળવાઈ છે. સેક્ટર ૧૧માં રામકથા મેદાનમમાં ફળવાયેલી જમીનના સ્થળે ભૂમિપૂજનના પ્રસંગે મુખ્યમંત્રી ઉપરાંત સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એમ. આર. શાહ અને બેલા ત્રિવેદી, ગુજરાત હાઈકોર્ટના એક્ટિંગ ચીફ જસ્ટિસ એ. જે. દેસાઈ, રાજ્યના કાયદા મંત્રી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.




**બેસણું**

મારા માતુશ્રી **ડો. અનુરાધા એસ. શેખાવત**નું તા. ૨૦/૪/૨૦૨૩, ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયું છે. **પ્રભુને ગમ્યું તે ખરું. સદ્ગતનું બેસણું તા. ૨૩/૪/૨૦૨૩, રવિવારે સવારે ૮-૦૦થી ૧૧-૦૦** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**પ્લોટ નં. ૭૪૯, આદર્શનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર**

**લિ.**
**હર્ષભાણસિંહ સુરજભાણસિંહ શેખાવત (પુત્ર)**
**અ.સૌ. ઈચ્છાકંવર હર્ષભાણસિંહ શેખાવત (પુત્રવધુ)**



**બેસણું**

મારા ધર્મપત્ની
**કંચનબેન ગોવિંદભાઈ જેસલપુરા**
(વતન : વિરમગામ)નું અવસાન તા. ૧૮/૪/૨૦૨૩ને મંગળવારના રોજ થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨૩/૪/૨૦૨૩ને રવિવારે સવારે ૯ થી ૧૨** કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, સેક્ટર-૭, ગાંધીનગર**

**લિ.**
**મેહુલભાઈ જી. જેસલપુરા (પુત્ર)** **ગોવિંદભાઈ પી. જેસલપુરા**
**મો. ૯૮૯૮૪૦૨૬૨૮**

**રક્તદાન-મહાદાન ● ચક્ષુદાન-શ્રેષ્ઠદાન**


# ચિંતા : શહેરમાં નવા નવ કેસ અને ગ્રામ્યમાં પાંચ કેસ નોંધાયા

## શહેરમાં રાંદેસણ, રાંધેજા, કુડાસણ, સે. ૨૩, ૭, ૪, ૮, ૩, ૨૯ માંથી કેસ મળ્યા : ગાંધીનગર-કલોલ-માણસામાં એક-એક તો દહેગામમાં બે કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા ૯ કેસ તથા ગ્રામ્ય વિસ્તારમાં નવા ૫ કેસ નોંધાયા છે. કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેર-જિલ્લામાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ કોરોનાનું લોકલ ટ્રાન્સમિશન થયાનો ભય તંત્રને સતાવી રહ્યો છે. જો કે આ બાબતે સત્તાવાર રીતે કોઈ જ કંઈ કહેવા તૈયાર નથી. શહેર-જિલ્લામાં છુટા છવાયા કેસો નોંધાઈ રહ્યા છે અને પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્ર કહી રહ્યુ છે. કોરોનાનો પોઝીટીવીટી રેટ ૨ ટકાની આસપાસ છેલ્લા સપ્તાહથી સતત જળવાઈ રહ્યો છે.

શહેર-જિલ્લામાં જે રીતે કેસો વધી રહ્યા છે તેથી તંત્ર ચિંતાતુર છે. જો કે કોરોનાના હળવા લક્ષણો દર્દીઓમાં જોવા મળી રહ્યા હોવાથી હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો અને રિકવરી રેટ સારો હોવાથી તંત્રને રાહત જરૂર છે. પરિવારો વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેર-જિલ્લામાં આજે ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૭ દર્દીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં આજે નવ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે નવા નવ કેસ કોરોનાના નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૩ કેસ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં અને ૬ કેસ શહેરના સેક્ટરોમાં નોંધાયા છે.

આજે નોંધાયેલ કેસોમાં ૬ મહિલા દર્દી, બે દર્દી વીસ વર્ષથી ઓછી વયના જ્યારે ૩ દર્દી ૬૦ થી વધુ વયના છે. મહિલા દર્દીઓની વધી રહેલી સંખ્યાથી તંત્રમાં ચિંતાની લાગણી પ્રસરેલી જોવા મળે છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર રાંદેસણમાં ૩૨ વર્ષીય મહિલા, રાંધેજામાં ૧૭ વર્ષીય દિકરી અને કુડાસણમાં ૨૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય ગામમાં કેસો વધી રહ્યા હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સ કરવા તાકીદ કરી છે.

સે. ૨૩માં ૭૦ વર્ષીય વૃદ્ધા, સે. ૭ માં ૧૧ વર્ષીય બાળક, સે. ૪ માં ૨૫ વર્ષીય યુવક, સે. ૮ માં ૭૦ વર્ષીય વૃદ્ધા, સે. ૨૯માં ૨૬ વર્ષીય યુવાન અને સે. ૩ માં ૬૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરના વિવિધ સેક્ટરોમાં છુટા છવાયા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામ વધી

● અનુસંધાન પાન-૭ પર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com